જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૮/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી ૨૭૬ લીટર દેશી દારૂ, ૧૦૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૯૨ બિયર ટીન અને ૦૧ જીપ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૩/૧૬**

**દરીયાપુરઃ** હંસાબહેન રૂપાજી પુસલ (રહે.તેલીયા મીલની ચાલી મારવાડી સ્ટોર્સની સામે ઈદગાહ રોડ પ્રેમ દરવાજા બહાર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૮/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે દરીયાપુર પ્રેમ દરવાજા સરયુદાસ મંદિર નજીકથી પોતાની પુત્રી મમતાબહેન (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન યાદવ ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૪૫૪/૧૬**

**નારણપુરા** : દિવ્યભાઇ ગીરીશભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે.સ્વામી ગુણાતીતનગર સોસાયટી, મેમનગર) એ તા.૮/૮/૧૬ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા દોઢેક વર્ષથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી હર્ષદભાઇ દ્વારકાદાસ પટેલ (રહે.સરદાર પટેલ કોલોની, નારણપુરા) એ દિવ્યભાઇ અને અન્ય સાહેદોને વિદેશનાં વિઝા અપાવવાના બહાને કુલ રૂપિયા ૫૧,૫૦,૦૦૦/- મેળવી, વિઝા નહીં આપી દિવ્યભાઇ તથા અન્ય સાહેદો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૫/૧૬**

**આનંદનગર** : ભરતભાઇ ત્રીભોવનદાસ અખાણી (રહે.ફાલ્ગુન ટેનામેન્ટ, જોધપુર ગામ, આનંદનગર) એ તા.૮/૮/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૮/૧૬ કલાક ૮/૦૦ થી તા.૮/૮/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૬/૧૬**

**ઓઢવ** : પુજાબહેન વા\ઓ લક્ષ્મણભાઇ કુશવાહ (ઉ.વ.૨૫)(રહે.વિજય એસ્ટેટ ભિક્ષુકગૃહની પાસે, ઓઢવ) તા.૭/૮/૧૬ તારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તા.૮/૮/૧૬ કલાક ૧/૦૦ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૪૫૭/૧૬**

**માધવપુરા** : શ્રવણભાઇ કપુરજી પઢીયાર (ઉ.વ.૪૦)(રહે.કાજીમીયાનો ટેકરો, રામાપીરનાં મંદિર સામે, મહેંદીકુવા) એ (રોજગારી) કામ ઓછુ મળતાં, મનમાં લાગી આવતાં તા.૮/૮/૧૬ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ મનુભા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)